ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૬/૨૦–૨૧/ 4193 તારીખ : - 7 DEC 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૬/૨૦–૨૧

પ્રતિ,
**શ્રી દિપકભાઈ કે શાહ,**
ધોળેશ્વર પ્લોટ વિસ્તાર,
મંગલદીપ સોસાયટી,
મું.થાન,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં.**

**વિષય : એકીસાથે મોટી રકમનું બિલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૦૮/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૧/૦૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૨૦–૨૧/૩૧૯૦ તા.૧૫/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૨૦–૨૧/૩૯૩૧ તા.૧૧/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૩૬/૨૦–૨૧</u>** ☜

વાદી :– **શ્રી દિપકભાઈ કે શાહ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૪/૧૧/૨૦૨૦</u>** ◈

હાજર રહયા :– **શ્રી દિપકભાઈ કે શાહ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દિપકભાઈ કે શાહ, મું. થાનગઢ, જી.સુરેન્દ્રનગર ની એકીસાથે મોટી રકમનું બિલ આપવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૬/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૨૦–૨૧/૩૧૯૦ તા.૧૫/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૪/૧૧/૨૦૨૦,</u>**નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી દિપકભાઈ કે શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી દિપકકુમાર કે શાહ તેમના પત્નિ શ્રીમતી જયોતિબેન દિપકકુમાર થાન પેટા વિભાગીય કચેરી ના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નં–૨૭૭૦૧/૦૭૬૦૨/૯ થી ૩.૫ કિ.વો. નું ઘર વપરાશ નું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓ ઘરમાં એકલા જ વસવાટ કરે છે. બાકીના મેમ્બર બહારગામ રહે છે. તેઓને દર બે માસે જેવું બિલ આપવામાં આવે છે, તે બિલ નિયમીત ભરપાઈ કરે છે. મીટર રીડર દ્વારા તા.૨/૮/૨૦૨૦ ના રોજ મીટર નું વાંચન કરતાં, ૬૫૬૩ યુનિટ નું કુલ રૂા. ૫૨૮૩૯/૪૦ નું વિજ બિલ આપેલ છે. જે વિજ બિલ નો વપરાશ જોતાં, ઘર વપરાશના કનેકશનમાં બે માસમાં આવો વપરાશ થઈ શકે નહી.

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ સદર વિજ બિલ બાબતે, પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર ને રૂબરૂ મળતાં, તેઓ દ્વારા જણાવેલ કે, આ બિલ બરાબર છે. પણ મીટરની તપાસ કર્યા વગર કેવી રીતે કહી શકાય કે, બિલ બરાબર છે, જે યોગ્ય નંથી.

૧.૪ વાદી દ્વારા રજૂઆત છે કે, તેમના મીટર ની તપાસ કરી, તેનો એમ.આર.આઈ રીપોર્ટ બનાવી તે મુજબ દ્વીમાસીક વિજ બિલ આપવું જોઈએ તે માટેની રજૂઆત લેખિતમાં કરી હોવા છતાં, કોઈ કાર્યવાહી કરેલ નંથી.

૧.૫ સદર મીટર નો એમ.આર.આઈ રીપોર્ટ તૈયાર કરી તેની નકલ અમોને આપવામાં આવે અને તે મુજબ છેલ્લા ૧ વર્ષના વિજ બિલ ની તપાસ કરી દ્વીમાસીક વિજ બિલ આપવું જોઈએ. તેમજ જો તે વિજ બિલ સામાન્ય બિલ કરતા વધુ હોય તો, અમને વિજ બિલ ભરવા માટેના ત્રણ માસિક હપ્તા કરી આપવામાં આવે, તે મુજબની રજૂઆત કરેલ છે.

☞ <u>**પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**</u>

૨.૧ વાદીનું મીટર વિજ કર્મી દ્વારા તા.૧૯/૧૦/૨૦૨૦ ના રોજ બદલી આપવામાં આવેલ હતું. જેમાં, મીટર ના રીડીંગ ૨૪૪૯૧ જોવા મળે છે. મીટર રીડર દ્વારા તા.૨૬/૯/૨૦૨૦ ના રોજ બિલ બનાવતા, તેમાં રીડીંગ ૨૪૨૪૪ જોવા મળેલ હતા. આમ, તા.૨૬/૬/૨૦૨૦ થી તા.૧૯/૧૦/૨૦૨૦ સુધી ૨૩ દિવસમાં કુલ ૨૪૭ યુનિટ નો વપરાશ માલૂમ પડેલ છે અને એમનો સરેરાશ વિજ વપરાશ પણ ૫૯૦ યુનિટ નો લેજરમાં જોવા મળે છે.

૨.૨ સદર વાદીનું લેજર જોતા, તેમાં માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૧૮ થી ફેબ્રુઆરી–માર્ચ–૨૦૨૦ સુધી સળંગ ૧૦ (દશ) લોક બિલ આપેલ છે. માર્ચ–૨૦ થી કોરોના ને કારણે, ને લોકડાઉન આપવામાં આવેલ હતું. જેથી વિજ વપરાશ થયો જોવા મળે છે.

૨.૩ ગ્રાહક ના લેબ રીપોર્ટ મુજબ મીટર બરાબર છે અને એમ.આર.આઈ.રીપોર્ટમાં પણ વપરાશ જોવા મળે છે. નકલ આ સાથે સામેલ છે. વધુમાં, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૦ ના લેજરમાં પણ ૪૨૮ યુનિટ નો વપરાશ જોવા મળે છે.

૨.૪ આમ, સદર વિજ બિલ વાદીએ ભરવાપાત્ર થાય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☛ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી દિપકભાઈ કે શાહ, ગામ–થાન માં ઘરવપરાશ નું સીગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૨૭૭૦૧/ ૦૭૬૦૨/૬ થી તેમના પત્નિ ના નામે ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા વાદી ના વિજસ્થાપન ના મીટર ના તા.૨/૮/૨૦૨૦ ના રોજ રીડીંગ લઈ અને રૂા.૫૩૨૪૮/૭૬ નું વિજ બિલ આપવામાં આવેલ. જેથી, વાદી એ ફોરમેને રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદીએ વાદીના બિલીંગ નો PRT-145 રજૂ કરેલ છે. જે મુજબ તા. તા.૨/૮/૨૦૨૦ ના રોજ વાદીના વિજ સ્થાપન પરના રીડીંગ ૨૩૮૧૬ માલૂમ પડેલ છે તેમજ જૂના રીડીંગ ૧૭૨૫૩ હતા. તેથી, પ્રતિવાદી એ ૬૫૬૩ યુનિટનું રૂા.૫૩૨૪૮/૭૬ નું વિજ બિલ વાદીને આપેલ છે.

૩.૪ પ્રતિવાદીએ રજૂ કરેલ PRT-145 ના રેકર્ડ મુજબ ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૧૮ બિલ્ડ ઈન ઓકટોબર–૨૦૧૮ થી એપ્રિલ–મે–૨૦૨૦ બિલ્ડ ઈન જુન–૨૦૨૦ દરમ્યાન, કુલ ૧૧ દ્વીમાસિક વિજ બિલ માં જુના અને નવા રીડીંગ ૧૭૨૫૩ ની નોંધ કરી '' ૦ '' યુનિટ ના બિલ આપેલ છે. જયારે, તા.૨/૮/૨૦૨૦ ના રોજ ખરેખર રીડીંગ લેતા, વિજ સ્થાપન પર ના મીટર ના રીડીંગ ૨૩૮૧૬ માલૂમ પડેલ.

૩.૫ આજરોજ વાદીએ ફોરમને રજૂઆત કર્યા મુજબ તેઓનું મીટર બહારની સાઈડમાં લગાડેલ હોય, પ્રતિવાદીએ દ્વીમાસીક રીડીંગ જોઈને લીધેલ નંથી '' ૦ '' યુનિટ ના બિલ આપેલ છે. તેથી,ઓગષ્ટ–૨૦૨૦ નું વિજ બિલ રૂા.૫૩૨૪૮/૭૬ નું એકીસાથે ભરવાનું બિલ આવેલ છે.

૩.૬ પ્રતિવાદીએ રજૂ કરેલ MRI નું બિલીંગ હીસ્ટ્રી મુજબ વાદીના વિજ સ્થાપન પર ના મીટરના રીડીંગ તેમજ MRI ના બિલીંગ હીસ્ટ્રી ના રીડીંગ મેચ થાય છે. તેથી, વાદીના વિજ સ્થાપન પર ના મીટરમાં કોઈ ખામી જણાયેલ નથી.

૩.૭ પ્રતિવાદીના મીટર રીડરે જે તે સમયે મીટરના રીડીંગ સ્થળ પર લીધેલ નંથી, રીડીંગ લીધા વગર '' ૦ '' યુનિટ ના બિલ વાદીને આપેલ છે. આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ ઓગષ્ટ–૨૦૨૦ માં બતાવેલ વિજ વપરાશ ૬૫૬૩ યુનિટ ને ૧૧ દ્વીમાસીક બિલમાં સ્પ્લીટ કરીને, વાદીને રીવાઈઝડ બિલ આપવું, જે વાદીએ ભરવાપાત્ર છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(શ્રીમતી જે.એમ.મેહતા)** | **(પી.એન.અજાકીયા)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કંું.લી.:ભાવનગર.** |

તારીખ :— **૨૪/૧૧/૨૦૨૦.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar